ડીસામાં સી.આર.પી.એફ.હીરક મહોત્સવ સાયકલ રેલીનું સ્વાગત

ડીસા, તા.૪

ભારતીય કચ્છ સરહદ પર ૧૯૬૫માં શહીદી વહોરનાર ૮ શહીદની યાદમાં સી.આર.પી.એફ. દર વર્ષે ૯ એપ્રિલનાં દિવસને શૌર્ય દિન તરીકે ઉજવે છે ત્યારે તે શહીદી અને શૌર્ય ઉજાગર કરતી ઘટનાને ૭૫ વર્ષ પૂર્ણ થતા હોઈ આ ઘટનાને સીઆરપીએફ હીરક જયંતિ મહોત્સવ તરીકે ઉજવી રહ્યુ છે. જે સંદર્ભે સી.આર.પી.એફ. આંતરિક સુરક્ષા અકાદમી એ માઉન્ટ આબુથી ભારત-પાકિસ્તાન સરહદ પરની સરદાર પોસ્ટ સુધીની એક સાયકલ યાત્રા યોજી છે. જે ડીસા પહોંચતા તેનું શહેરીજનોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

પાકિસ્તાની સેનાનો વર્ષ ૧૯૬૫માં ૯ એપ્રિલે સામનો કરી કચ્છના રણમાં આવેલી સરદાર પોસ્ટ અને ટાક પોસ્ટ પર સીઆરપીએફની બે ટુકડીઓએ ભારે હિંમત બતાવી. વીરતા પૂર્વક મુકાબલો કરી પાકિસ્તાન સેનાનાં ૩૪ જવાનોને મોતને ઘાટ ઉતારીને ૪ને જીવતા ઝડપ્યા હતાં. જો કે આ લડાઈમાં ભારતીય સીઆરપીએફનાં ૮ જવાનો વીરગતિ પામ્યા હતા. પાકિસ્તાની સેનાની બ્રિગેડ દ્વારા કરાયેલા આ હુમલામાં કચ્છના રણમાં આવેલી સરદાર પોસ્ટ અને ટાક પોસ્ટ પર સી.આર.પી.એફ.ની બે ટુકડીઓ હુમલો ખાળવા અને દુશ્મન દેશનાં સૈનિકોને મારી હટાવા મેદાને ઉતર્યા હતા. વિશ્વભરનાં મિલેટરી ઈતિહાસમાં આ એક અનોખી સાહસ કથા તરીકે અને ભારતીય જવાનોની લડાઈ ગણાવાઈ હતી. જો કે આ લડાઈમાં ભારતીય સીઆરપીએફનાં ૮ જવાનો વીરગતિ પામ્યા હતા અને પાકિસ્તાની સેનાએ ૧૯જવાનોને બંદી બનાવ્યા હતા. આ એક એવી લડાઈ હતી જેમાં ભારતીય અર્ધ લશ્કરી દળ એવા સીઆરપીએફનાં જુજ જવાનોએ પાકસ્તાનની સશસ્ત્ર આર્મીનો હુમલો ખાળી બહાદુરી બતાવી હતી. આ બલિદાનને સીઆરપીએફ ૯ એપ્રિલ શૌર્ય દિન તરીકે ઉજવે છે. ત્યારે શહીદી અને શૌર્ય ઉજાગર કરતી ઘટનાને ૭૫ વર્ષ પૂર્ણ થતા હોઈ આ ઘટનાને સીઆરપીએફ હીરક જયંતિ મહોત્સવ તરીકે ઉજવી રહ્યું છે. જે સંદર્ભે સીઆરપીએફ આંતરિક સુરક્ષા અકાદમીએ માઉન્ટ આબુથી ભારત-પાકિસ્તાન સરહદ પરની સરદાર પોસ્ટ સુધીની એક સાયકલ યાત્રા યોજી છે. આ યાત્રા ૩ એપ્રિલે સીઆરપીએફ આંતરિક સુરક્ષા અકાદમીએ માઉન્ટ આબુથી રવાના થયેલ છે. જે આજે સવારે ડીસા પહોંચી હતી અને જયાં સ્પોટ કલબ ખાતે સેનાનાં જવાનોએ આ શહીદ યાત્રાનો ઉદ્દેશ સમજાવી સેનામાં વપરાતા વિવિધ હથિયારોની મારક શકિત અને ઉપયોગીતા હાજર નાગરિકો અને સ્કુલનાં બાળકોને બતાવી રાષ્ટ્રીય ચેતનાની સુવાસ ફેલાવી હતી. આ યાત્રાને આવકારી ડીસા સ્પોટ કલબના મેમ્બર ડૉ. કલ્પેશ તલાટીએ શુભકામના પાઠવી હતી.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

શંકરસિંહ વાઘેલા સાતમીએ ઉમેદવારી પત્ર ભરશે

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા અને સાબરકાંઠા લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર શંકરસિંહ વાઘેલા પોતાના હજારો સમર્થકો સાથે સાતમીને સોમવારે પોતાની ઉમેદવારી નોંધાવશે. હાલ લોકસભાની ચૂંટણીને લઈ ચૂંટણીના ઉમેદવારી પત્રો ભરવા માટે ઉમેદવારો સંપૂર્ણ રીતે તૈયારીમાં લાગી ગયા છે. ત્યારે ગુજરાતની ૨૬ બેઠક માટે પણ ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવવા લાગ્યા છે. જેંચેકી સાબરકાંઠા સંસદીય મતક્ષેત્રના કોંગ્રેસના ઉમેદવાર શંકરસિંહ વાઘેલા સાતમી એપ્રિલ ૨૦૧૪ને સોમવારે બપોરે ૧૨-૦૦ કલાક વિજય મૂર્હુતમાં પોતાના હજારો સમર્થકો સાથે પોતાનું ઉમેદવારી પત્ર ભરશે. તેમની સાથે જિલ્લાના કોંગ્રેસી ધારાસભ્યો, કોંગ્રેસ જિલ્લા પ્રમુખ સહિત અને યુવા તેમજ મહિલા પાંખના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં જોડાશે.

બનાસકાંઠામાં ભાજપની સભામાં ભટોળ પિતા-પુત્રની ગેરહાજરીથી અનેક તર્ક-વિતર્ક

પાલનપુર, તા. ૪

લોકસભાની ચૂંટણીમાં ટીકીટ વાચ્છુઓની ટીકીટ ન મળતા નારાજગી જોવા મળી રહી છે ત્યારે બનાસકાંઠા બેઠકના ભાજપના ઉમેદવાર હરિભાઈ ચૌધરીની ઉમેદવારીના સમયે પરથી ભટોળ અને પુત્ર વસંત ભટોળની ગેરહાજરીથી લોકોમાં અનેક તર્ક-વિતર્ક જોવા મળતી હતી.

(તસવીર : હરેશ જોપી, પાલનપુર)

બનાસકાંઠા બેઠક પર ભાજપની ટીકીટ માટે બનાસ ડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળનું નામ ચાલતુ હતુ ત્યારે આજરોજ હરિભાઈ ચૌધરીએ ઉમેદવારી પત્ર ભર્યુ હતુ. આ સમયે બનાસકાંઠા ભાજપના કાર્યકરો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મહેસાણા ડેરીના ચેરમેન વિપુલ ચૌધરી પણ ઉપસ્થિત રહ્યા હતા.

ત્યારે બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળ અને તેમના પુત્ર અને પૂર્વ ધારાસભ્ય વસંત ભટોળ હરિભાઈની સભામાં ક્યાંય દેખાતા ન હતા. જેનાથી બનાસકાંઠા ભાજપના કાર્યકરોમાં તરહ-તરહની ચર્ચા ચાલી રહીહતી. ભાજપ દ્વારા પરથીભાઈ ભટોળને ટીકીટ આપવામાં આવશે.

તેવા વિશ્વાસ સાથે પરથીભાઈ છેલ્લા છ મહિનાથી સંગઠનની બેઠકોમાં મંચ પર દેખાતા હતા. પરંતુ ટીકીટ ન મળતા પરથીભાઈ ભટોળનો મનસુબો દેખાઈ આવ્યો તેવી ચર્ચા કાર્યકરો કરી રહ્યા હતા. ત્યારે પરથીભાઈ અને તેમના પુત્ર વસંતભાઈ હરિદ્વાર ખાતે દર્શન કરવા ગયા છે તેવી માહિતી મળી છે.

ખોટા દસ્તાવેજોના આધારે ભાડાની જગ્યા પર નિર્માણ

અમદાવાદ, તા.૦૪

શહેરના શાહીબાગ વિસ્તારમાં આવેલ મુસા સુહાગ કબ્રસ્તાનની જગ્યા ધર્મદેવ કન્સ્ટ્રકશન કંપનીને લીઝ ઉપર આપવામાં આવી હતી, પરંતુ ધર્મદેવ કંપની દ્વારા તે જગ્યાના ખોટા દસ્તાવેજો ઉભા કરીને ગેરકાયદેસર બાંધકામ બાંધવામાં આવ્યું હતું જે બાબતને લઈને મુસ્લિમ સમાજના આગેવાનો આવતીકાલના રોજ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રેલીનું આયોજન કર્યું હતું, પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશને ધર્મદેવ કન્સ્ટ્રકશનની રજાચિઠ્ઠી રદ કરતાં આવતીકાલના રોજ એટલે કે તા. પમી એપ્રિલે રેલીનું આયોજન મોકુફ રાખવામાં આવ્યું છે. મુસા સુહાગ કબ્રસ્તાનની માલિકીની જગ્યા કે જેની કિંમત કરોડો રૂપિયાની થાય છે. તેને અમદાવાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટીના ભૂતપૂર્વ હોદ્દેદારોએ ધર્મદેવ કન્સ્ટ્રકશન કંપનીને ફકત માસિક રૂા. ૧૫,૦૦૦ના નજીવા દરે લીઝ ઉપર આપવામાં આવી હતી.

બિલ્ડરોએ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ખોટા દસ્તાવેજોના આધારે બાંધકામની પરવાનગી મેળવેલી હતી. જેથી હોદ્દેદારો અને બિલ્ડરો વચ્ચે મીલીભગની ફરિયાદો અમદાવાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટીના પ્રમુખને મળતા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રજાચિઠ્ઠી રદ કરવા માટે લેખિત અને મૌખિક રજુઆતો કરી હતી, તેમજ ગેરકાયદેસર દસ્તાવેજોના આધારે મ્યુનિસિપલ કોર્પોરેશનને આપેલા બાંધકામની ચિઠ્ઠી બાબતે મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા આવતીકાલ શનિવારના રોજ મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

પાટણ સ્થિત બાળીયા હનુમાન મેદાન ખાતે કોંગ્રેસ પક્ષના લોકસભાના ઉમેદવાર ભાવસિંહ રાઠોડે એક જંગી જાહેર સભાને સંબોધી હતી અને પાટણ કલેક્ટર કચેરી ખાતે પોતાનું ઉમેદવારી પત્ર ભર્યુ હતું.
(તસવીર : ચેતન રામી, પાટણ)

ભેમાપુર-સાથરીયા ગામમાં મારામારી : ત્રણ ને ઈજા

મુલોજ, તા.૪

કોર્ટમાંથી ફરિયાદ પાછી ખેંચી લેવા બાબતે મેઘરજ તાલુકાના ભેમાપુર સાથરિયા ગામે બુધવારે ચાર શખ્સોએ ધારીયા-લાકડીઓ વડે હિંસક હુમલો કર્યો હતો. જેમાં ત્રણ વ્યકિતઓને લાકડી અને ધારીયા વડે માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

આ બનાવ અંગે વિગત એવી છે કે ભેમાપુર સાથરીયા ગામના જેણીબેન રામાભાઈ કરાટાની ફરિયાદના આધારે મેઘરજ તાલુકાના ભેમાપુર સાથરીયા ગામે જેણીબેને ચાર શખ્સો વિરુધ્ધ ફરિયાદ નોંધાવતા આ ચારેય શખ્સોએ લાકડીઓ તથા ધારીયાથી સજજ થઈ આવ્યા હતા અને તું ફરિયાદ પાછી ખેંચી લે તેવી માંગ કરી ઝઘડો કર્યો હતો. બાદમાં ચારેય હુમલાખોરોએ ધારીયા અને લાકડીઓ વડે હુમલો કરી સોમાભાઈ સહિત અન્ય ત્રણ વ્યકિતઓને પણ ઈજાઓ પહોંચાડી હતી. પોલીસે આ મામલે સુરેશભાઈ હીરાભાઈ કટારા, અમરાભાઈ હરીભાઈ કટારા, જેણબેન કટારા વિરૂધ્ધ ગુનો દાખલ કરી મેઘરજ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મોડાસામાં સ્કુલ શિક્ષીકાએ ધો-૨માં ભણતા વિદ્યાર્થીને સ્ટીલની ફુટ વડે માર મારતા ચકચાર

મોડાસામાં શિક્ષણ ક્ષેત્રે અને સ્કૂલમાં જ ગેરકાયદેસર ટયુશન ચલાવવા વગોવાયેલી સ્કુલના પ્રાથમિક વિભાગમાં ધોરણ-૨માં ભણતો વિદ્યાર્થી ૪ વાગ્યાની રીસેષમાં ગયા બાદ વર્ગમાં મોડો પડતા શિક્ષિકાએ વિદ્યાર્થીને બરડાના ભાગે સ્ટીલની ફૂટપટ્ટી વડે સખત ઢોર માર મારતા બરડા પર ઈજાના સ્પષ્ટ નિશાન પડી ગયા હતા. વિદ્યાર્થીએ ઘરે જઈ ફરિયાદ કરતા વાલીએ સ્કૂલના સત્તાવાળાઓને રજૂઆત કરી પણ કુંભકર્ણની નિંદ્રામાં રહેતા સત્તાધીશોએ આ વાત ધ્યાન પર ન લેતા ટાઉન પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરિયાદ આપવામાં આવીહતી. આથી સત્તાધિશોએ શિક્ષિકા પાસે માફી પત્રક લખાવી મામલો સમાધાન કરી સંકેલ્યો હતો.

(તસવીર : હરેશ જોપી, પાલનપુર)

હજારો સમર્થકોની હાજરીમાં હરિભાઈ ચૌધરીએ ફોર્મ ભર્યું

ભારતીય જનતા પાર્ટીના બનાસકાંઠા લોકસભા બેઠકના ઉમેદવાર હરિભાઈ ચૌધરીએ આજે પોતાનું ઉમેદવારી પત્ર જિલ્લા કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ રજુ કર્યું હતું. તેમની સાથે મંત્રી નિતીનભાઈ પટેલ, રમણલાલ વોરા, પરબતભાઈ પટેલ, લીલાધર વાઘેલા, કેશાજી ઠાકોર, શંકર ચૌધરી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. ઉમેદવારી પત્ર ભરવાના પહેલા પાલનપુરના ધરતી રિસોર્ટ ખાતે ટેકેદારો અને કાર્યકરોની બેઠક યોજાઈ હતી. જેમાં અગ્રણીઓએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આખા દેશમાં ભાજપના ઉમેદવાર નરેન્દ્ર મોદી છે અને નિશાન કમળ છે એ યાદ રાખી ભાજપને મતદાન કરવા અપીલ કરી હતી.

દાંતીવાડામાં બનાસકાંઠા પોલીસ વડા દ્વારા લોક દરબાર યોજાયો

દાંતીવાડા, તા. ૪

દાંતીવાડા ગામમાં અને સરદાર કૃષિ યુનિવર્સિટી ખાતે આજ રોજ બનાસકાંઠા પોલીસ વડા અશોક યાદવની ઉપસ્થિતિમાં લોક દરબાર યોજાયો હતો. જ્યાં તેમને લોકોના પ્રશ્નો શાંતિપૂર્વક સાંભળ્યા હતા. આમલોકો તેમજ વેપારીઓને પોલીસ વડાએ કોઈપણ પ્રકારની તકલીફ હોય તો જણાવવા કહ્યું હતું. ત્યારબાદ તેઓએ લોકોને ઈલેક્શનમાં સર્વે મતદાન શાંતિપૂર્વક કરો તેમજ મતદાન પુરેપુરૂ થાય તેવા પ્રયત્નો કરવા જણાવ્યું બાદમાં લોકોમાંથી પ્રશ્ન કરાયો હતો જેમાં અમારા ગામમાં પોલીસ સ્ટેશનની જગ્યા પસંદ કરવામાં આવી પરંતુ પોલીસ સ્ટેશન શરૂ થયું નથી ત્યારે તેમને ચૂંટણી પછી શરૂ થશે તેવી ખાતરી આપી હતી અને સ્થાનિક પોલીસની

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

સોશિયલ મિડીયા સહિતની વેબસાઈટ માટે પ્રમાણપત્ર લેવું જરૂરી

પાલનપુર, તા. ૪

ચૂંટણી -ચારમાં સોશિયલ મિડીયાના ઉપયોગ અને નિયંત્રણ માટે ભારતનું ચૂંટણી પંચ નવી દિલ્હી અને અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ગુજરાત રાજય ધ્વારા જરૂરી સુચનાઓ પાઠવવામાં આવી છે. જેની વિગત નીચે -માણે છે.

(૧) ઉમેદવાર દ્વારા તેમના સોશિયલ મિડીયા એકાઉન્ટની જાણ કરવા અંગે. ઉમેદવારે ફોર્મ ૨૬માં સોગંદનામું કરે ત્યારે તેણે પોતાના સંપર્ક નંબરો, ઈમેલ આઈ.ડી. ઉપરાંત સોશિયલ મિડીયા એકાઉન્ટની માહિતી પણ આપવાની રહેશે.

(૨) રાજકીય જાહેરાતોનું અગાઉથી -માણપત્ર મેળવવા બાબત. દરેક નોંધાયેલ / રાષ્ટ્રીય / રાજય કક્ષાના પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ ટી.વી. ચેનલ કે કેબલમાં જાહેરાત આપવા માટે પંચના તા.૧૫-૦૪-૨૦૦૪ અને ત્યારબાદ સંકલીત કરાયેલ તા.૨૭-૦૮-૨૦૧૨ના પત્રથી સુચનાઓ અન્વયે જિલ્લા અને રાજયકક્ષાએ રચવામાં આવેલ એમ.સી.એમ.સી પાસેથી -માણપત્ર લેવાનું રહે છે. હવે આ સુચનાઓ સોશિયલ મિડીયા સહિતની વેબસાઈટોને પણ લાગુ પાડવાનું નક્કી કરેલ હોઈ સોશિયલ મિડીયા સહિતની વેબ સાઈટો માટે જિલ્લા અને રાજયકક્ષાએ રચવામાં આવેલ એમ.સી.એમ.સી. પાસેથી -માણપત્ર લેવાનું રહેશે.

(૩) -ચાર અંગે સોશિયલ મિડીયા સહિત ઈન્ટરનેટ દ્વારા કરવામાં આવેલ ખર્ચ બાબત. લોક-તિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૭૧(૧) મુજબ ચૂંટણી લડતા દરેક ઉમેદવારે ચૂંટણી અંગેનો સાચો હિસાબ રજુ કરવાનો રહે છે. આથી અસ્પષ્ટતા દૂર કરવા પંચે જણાવેલ કે ખર્ચનો સાચો હિસાબ નિભાવવા અને ખર્ચના પત્રકો રજુ કરવા માટે ઉમેદવારો તેમજ રાજકીય પક્ષોએ -ચાર અંગે સોશિયલ મિડીયા દ્વારા કરેલ ખર્ચ પણ ઉમેરવાનો રહેશે. જેમાં -ચાર માટે વેબસાઈટો, ઈન્ટરનેટ કંપનીઓને ચુકવવામાં આવેલ ખર્ચ ઉપરાંત સોશિયલ મિડીયા એકાઉન્ટ નિભાવવા માટેની ટીમના સભ્યોને ચુકવવામાં આવતા પગાર વગેરે ઉમેરવાના રહેશે. (૪) સોશિયલ મિડીયા સહિત ઈન્ટરનેટ દ્વારા -ચાર દરમ્યાન આદર્શ આચારસંહિતાનો અમલ કરવા બાબત. ચૂંટણીની જાહેરાત થતાની સાથે જ આદર્શ આચારસંહિતાનો અમલ ચાલુ થઈ જાય છે. આથી તે સોશિયલ મિડીયાની વેબ-સાઈટ, ઈન્ટરનેટ ઉપર મુકવામાં આવતી બાબતો (Content) અંગે પણ લાગુ પડે છે. તેમ પંચે સ્પષ્ટ કરેલ છે.

(૫) રાજકીય પક્ષ કે ચૂંટણી લડતા ઉમેદવાર સિવાયની વ્યકિતઓ દ્વારા સોશિયલ મિડીયા સહિત ઈન્ટરનેટ પર વિગતો (Content) મુકવામાં આવે ત્યારે ચૂંટણી પંચની જે વખતની સુચના અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

ટચુકડી

જાહેર ખબર

દર ગુરુવારે રવિવારે

ફોન : ૨૩૨૨૨૫૭૧

ફોન : ૨૩૨૩૭૫૭૧

આપના શહેરમાં ૧૦૦૦ સ્ક્વે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧